મોડાસા નગરપાલિકાના નવીન કચેરીનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૨૨

૨૪ નવેમ્બર ૨૦૧૦માં ૭ કરોડના ખર્ચે મોડાસા બસ સ્ટેન્ડ પાછળ મામલતદાર કચેરીનું અદ્યતન બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગના મંત્રી આનંદીબેન પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવરચિત અરવલ્લી જીલ્લા કલેક્ટર કચેરી માટે પણ આજ બિલ્ડિંગમાં જગ્યા ફાળવવામાં આવી હતી. આ અદ્યતન બિલ્ડિંગમાં કાર્યરત જીલ્લા કલેકટર કચેરી અને મામલતદાર કચેરી શામળાજી રોડ પર આવેલા નવીન જીલ્લા સેવાસદન કચેરીમાં ખસેડાતા બિલ્ડીંગ ખાલી પડતા આ બિલ્ડીંગ મોડાસા નગરપાલિકા કચેરીને માંગ ઉઠી હતી. મોડાસા નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ અને ચીફ ઓફિસર પ્રણવ પારેખે રાજય સરકારમાં યોગ્ય રજુઆત કરતા જવાબદાર તંત્રએ અદ્યતન બિલ્ડીંગ નગરપાલિકાને સુપ્રત કરતા નગરપાલિકા તંત્ર દ્વારા લોકાર્પણ અને ગૃહ પ્રવેશ વિધિ યોજાઈ હતી. આ પ્રસંગે જીલ્લા કલેકટર એમ.નાગરાજન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં નગરપાલિકાની મુખ્ય કચેરી બજારમાં હોવાથી શહેરીજનોને ભારે અગવડતા અનુભવવી પડતી હતી. બસ સ્ટેન્ડ પાછળ આવેલ જૂની કલેક્ટર કચેરીનું અદ્યતન બિલ્ડીંગ નગરપાલિકાને ફાળવવામાં આવતા ૨૨ જુલાઈ-૧૯ને સોમવારના રોજ નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પૂર્વ પ્રમુખ અને નગરસેવક વનિતાબેન પટેલ તથા ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ કોર્પોરેટરો અને નગરપાલિકાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મોડાસાનગર પાલિકાની નવીન કચેરીનું લોકાર્પણ થતા શહેરીજનોમાં આનંદ છવાયો હતો. મોડાસા બસસ્ટેન્ડ પાછળ આવેલી સોસાયટીઓના પ્રમુખ, મંત્રીઓ અને પ્રજાજનો પણ લોકાર્પણ કાર્યમાં સહભાગી બન્યા હોવાનું અરવલ્લી સોસાયટી વિકાસ મંડળના પ્રમુખ દિલીપ પટેલે જણાવ્યું હતું.

હડાદ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલનું અવસાન થતા ગાર્ડ ઓફ ઓનર અપાયું

પોલીસ જવાનની માદરે વતનમાં સન્માનભેર અંતિમક્રિયા કરવામાં આવી

દાંતા તાલુકાના હડાદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ જવાનનું આકસ્મિક નિધન થતા પોલીસ તંત્ર દ્વારા મૃતક જવાનને ગાર્ડ ઓફ ઓનર

આપવામાં આવ્યું હતું. અને સામાજિક રિવાજ મુજબ મૃતક જવાનની અંતિમક્રિયા કરવામાં આવી હતી.

વડગામ તાલુકાના પીરોજપુરા ગામના વતની અને દાંતા તાલુકાના હડાદ પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા મહેન્દ્રભાઈ. એસ શ્રીમાળીનું શનિવારના રોજ આકસ્મિક નિધન થતાં પોલીસબેડામાં શોકની લાગણી છવાઈ જવા પામી હતી.

જો કે, હડાદ પોલીસ દ્વારા મૃતક પોલીસ જવાનને તેમના માદરે વતન ખાતે રવિવાર ના રોજ સન્માનભેર ગાર્ડ ઓફ ઓનર (શોક સલામી) આપવામાં આવી હતી અને પરિવાર દ્વારા મૃતક જવાન ની સામાજિક રીવાજ મુજબ અંતિમક્રિયા કરવામાં આવી હતી. મૃતકની અંતિમયાત્રામાં હડાદ પીએસઆઈ જાડેજા તેમજ પોલીસ જવાનો સહિત લોકો મોટી સંખ્યા માં જોડાઈ ને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

પાલનપુર ખાતે સમસ્ત ભાવસાર યુવક મંડળનો વાર્ષિકોત્સવ યોજાયો

તેજસ્વી તારલાઓનું સન્માન : તમામ વિદ્યાથીઓને નોટબુક અને ચોપડાઓનું નિઃશુલ્ક આપ્યા

પાલનપુરમાં છેલ્લા ૨૫ વર્ષથી સમસ્ત ભાવસાર યુવક મંડળ દ્વારા સમાજ ઉપયોગી પ્રવુતિઓ કરવામાં આવે છે જેમાં પાલનપુર હાઈવે પર આવેલ જી ડી મોદી કોલેજ ના પટાગણમાં સમાજ નો વાર્ષિકોત્સવ યોજાયો હતો

જેમાં પ્રતિ વર્ષ ની જેમ સમાજના તેજસ્વી તારલાઓ ને પ્રોત્સાહિક ઇનામો અપાયા હતા તથા ધો ૧ થી ધો ૧૨ ના તમામ વિદ્યાથીઓં ને નોટબુક અને ચોપડાઓનું મોઘવારી ના યુગ માં નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું

સમસ્ત ભાવસાર યુવક મંડળ ના પ્રમુખશ્રી ધીરેન પ્રવિણચંદ્ર ભાવસારે સમાજ ના દરેક સભ્યો ને સમાજમાંથી લોન પણ લઈ શકો છો તેવી જાહેરાત કરી હતી..જયારે હેમંતભાઈ એ સમાજમાં શિષ્ટાચાર ,માતા-પિતા ને ભગવાન માની સવારે પગે લાગવું,તેમજ કનુભાઈ ,જીતેન્દ્રભાઈ ,ધર્મેન્દ્રભાઈ તથા ફ્લોરેન્સબેને પ્રાસંગિક પ્રવચન કર્યા હતા અને બનાસકાંઠા ના તમામ ભાવસારબંધુઓં સહકુટુંબ આવી ભોજન લઈ છુટા પડ્યા હતા. આભારવિધિ ધર્મેન્દ્રભાઈ ભાવસારે કરી હતી.

દાંતા મુકામે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થશે

પાલનપુર, તા. ૨૨

આગામી તા.૧૫મી ઓગષ્ટ-૨૦૧૯ના રોજ બનાસકાંઠા જિલ્લાના દાંતા મુકામે જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. ૧૫મી ઓગષ્ટની ઉજવણીની તૈયારીઓના ભાગરૂપે પાલનપુર કલેકટર કચેરી ખાતે જિલ્લા વિકાસ અધિકારી બી.એ. શાહના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં સ્થળ પસંદગી, ધ્વજવંદન સ્થળે સફાઈ પરેડ ગ્રાઉન્ડ પર પાણીનો છંટકાવ, બેઠક વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ યોગાસનોનું આયોજન, પોલીસ પરેડ, સ્વચ્છતા અને સફાઈની વિશેષ ઝુંબેશ, પીવાના પાણી અને ચા-નાસ્તાની વ્યવસ્થા, સરકારી કચેરીઓમાં રોશની શણગારની કામગીરી અને રંગરોગાન, અંબાજી શહેર અને દાંતા તાલુકાના ગામડાઓમાં સફાઈ ઝુંબેશ, અશ્વ શો અને ડોગ શો કાર્યક્રમ, પ્રભાત ફેરી, વૃક્ષારોપણ, વિકાસકામોનું ખાતમૂર્હત અને લોકાર્પણ, વિશિષ્ટ સિધ્ધિ મેળવાનારાઓનું સન્માન સહિત મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીના સમગ્ર કાર્યક્રમનું સંકલન નિવાસી અધિક કલેકટર એલ.બી. બાંભણીયા કરી રહ્યા છે. આ કામગીરી માટે બનાસકાંઠા કલેકટર દ્વારા અધિકારીઓને જુદી જુદી ફરજો સોંપવામાં આવી છે.

બેઠકમાં નિવાસી અધિક કલેકટર એલ.બી. બાંભણીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક આર.વી. વાળા, તમામ પ્રાન્ત અધિકારીઓ સહિત વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વડગામ તાલુકાના જુની નગરીમાં લોકહિતના કાર્યો કરવા અશ્વિન સક્સેના દ્વારા રજૂઆત

વડગામ, તા. ૨૨

બનાસકાંઠા જિલ્લા પંચાયતની મેમદપુર બેઠકના મત વિસ્તારમાં આવતા જુની નગરી ગામમાં જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિન સક્સેના દ્વારા લોકસંપર્ક કરતા ગ્રામજનો દ્વારા ગામની

સમાસ્યાઓ બાબતે જિલ્લા પંચાયત સદસ્ય સમક્ષ રજુઆત કરવામાં આવી હતી.

જેમાં જૂનીનગરી સરપંચ ખુરમખાન, હેમરાજજી ઠાકોર તથા ઘરમાભાઈ પરમાર તથા ગ્રામજનો દ્વારા વિવિધ જાહેર હિતના પ્રશ્નોની રજુઆત કરેલ જેમાં જૂની નગરી ઠાકોરવાસથી પટેલવાસ સુધી યુજીવીસીએલ દ્વારા સ્ટ્રીટલાઈટનો એકસટેન્સન વાયર નાંખી એલઈડી સ્ટ્રીટ લાઈટ નાંખવી, જૂની નગરી ગામનુ ગામતળની જમીન લેવલીંગ કરવા, ગામના આંતરીક રસ્તાઓ આર.સી.સી. કરવા, ગામમાં વરસાદી પાણી નિકાલ માટે પુર સરક્ષણ દિવાલનું કામ કરવા બાબતે, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગરીબ વર્ગના ૯૮ લાભાર્થીઓનો સમાવેશ કરવા તેમજ જૂની નગરીથી નવી નગરી પાકો ડામર રોડ બનાવવા ગામના લોકો દ્વારા જિલ્લા પંચાયત સદસ્ય સમક્ષ રજુઆત કરી હતી. ત્યારે જિલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સક્સેના દ્વારા સરકાર તેમજ લાગતા વળગતા તંત્રના જવાબદારોનું લેખિતમાં ધ્યાન દોરીને જુનીનગરીના ગ્રામજનોની સમસ્યાનો કાયમી નિકાલ લાવવા રજૂઆત કરવામા આવી છે.

અખંડ ભારત હિન્દુ યોદ્ધા દળના વડગામ તાલુકા પ્રમુખ તરીકે વરણી

વડગામ, તા. ૨૦

અખંડ ભારત હિન્દુ યોદ્ધા દળના ઉત્તર ગુજરાત પ્રાંત સંયોજક રિતિક જી. સરગરા, ઉતર ગુજરાત પ્રાંત મહાસચિવ જગદીશ જોષી અને બનાસકાંઠા જિલ્લાના સંગઠન મંત્રી સંજય અગ્રવાલ દ્વારા અખંડ ભારત હિન્દુ યોદ્ધા દળના વડગામ તાલુકા પ્રમુખ તરીકે વડગામ તાલુકાના વસંતસિંહ રાઠોડની વરણી કરવામાં આવી છે. જેમની નિમણૂંક બદલ અખંડ ભારત હિન્દુ યોદ્ધા દળ રાષ્ટ્રીય સંયોજક ગોવિંદ જી. માલવિયા, દાંતા તાલુકા પ્રમુખ મુકેશ બારોટ કટ્ટર હિન્દુ શત્રુ પાલનપુર તેમજ મિત્રો દ્વારા વસંતસિંહ રાઠોડને તેઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

ગાંધીનગરના મહિલા પત્રકાર મીનાબેન પરીખનું અવસાન

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ખાતે હમલોગ દૈનિકના પ્રતિનિધિ તરીકે વર્ષોથી

ફરજ બજાવતા મહિલા પત્રકાર મીનાબેન પરીખનું આજે સાંજે અવસાન થતાં પત્રકાર જગતમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી.

શ્રીમતી મીનાબેન અશોકભાઈ પરીખ ગાંધીનગરના પત્રકાર જગતમાં ખૂબ જ જાણીતા અને સૌમ્ય સ્વભાવના મહિલા પત્રકાર હતા. સદ્ગતની અંતિમયાત્રા આવતીકાલે સવારે ૭.૪૦ કલાકે તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૨૦૪, શિવમ સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર ખાતેથી નીકળશે.

ભારતીય જનતા પાર્ટી દ્વારા નવા સભ્યો બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે ત્યારે વડગામ તાલુકાના બસુ શક્તિ કેન્દ્ર વિસ્તારક યોજના અંતર્ગત જી.પં. સદસ્ય અશ્વિન સકસેના દ્વારા ભાજપના નવા સદસ્ય નોંધણી કરવામાં આવી હતી. બસુ ગામમાંથી મોટી સંખ્યામાં નવા સભ્યો નોંધાયા હતા.

ભિલોડામાં બેંક ઓફ બરોડાના સ્થાપના દિન નિમિત્તે શૈક્ષણિક કીટ વિદ્યાર્થીઓને વિતરણ કરાયુ

ભિલોડા,તા.૨૨

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં બેંક ઓફ બરોડાના ૧૧૨માં સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે શૈક્ષણિક કીટ વિદ્યાર્થીઓને વિતરણ કરાઈ હતી.ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરાતાં વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.બેંક ઓફ બરોડાના ૧૧૨માં સ્થાપના દિનની ઉજવણી સંદર્ભે શૈક્ષણિક કીટ વિતરણનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.બેંક ઓફ બરોડા, ભિલોડા શાખા મેનેજર વિજયકુમાર, મનુભાઈ ભગોરા, રીતેશભાઈ રઘુવંશી, સોમેશ્વરભાઈ રાવલ, મૃણાલીની શંકર, અગ્નેશ્વરી મેણાત, હરેશભાઈ ચૌહાણ, અશોકભાઈ જોષીયારા, મહેન્દ્રભાઈ વણઝારા તેમજ સ્ટાફ પરીવારએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સ્કુલ બેગ, ચોપડા, પેન સહિત શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું હતું. ભિલોડા તાલુકા પ્રાથમીક શાળા નંબર.૧ આચાર્ય જયદેવભાઈ બારોટ સહિત સ્ટાફ પરીવારએ સેવાકીય કાર્યને બિરદાવ્યું હતું.

સાબરકાંઠા આશ્રમશાળા કર્મચારી સંઘની ચુંટણીમાં બિનહરીફ હોદ્દેદારોની નિમણુંક

ભિલોડા,તા.૨૧

સાબરકાંઠા આશ્રમશાળા કર્મચારી સંઘની ચુંટણીમાં બિનહરીફ હોદ્દેદારોની નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. સાબરકાંઠા આશ્રમશાળા કર્મચારી સંઘ પ્રમુખ વિજયભાઈ પટેલએ જણાવ્યું હતું કે સ્વામીનારાયણ મંદિરના પવિત્ર પાવન સંકુલ, ખેડબ્રહ્મા ખાતે સાબરકાંઠા આશ્રમશાળા કર્મચારીઓની બેઠકનું આયોજન કરાયું હતું.

સાબરકાંઠા જીલ્લાની એસ.ટી., બક્ષી, એસ.સી. ત્રણેય વિભાગના ઉત્સાહી કારોબારી સભ્યોની રચના કરાઈ હતી. પ્રમુખ પદે વિજયભાઈ પટેલ (વિજયનગર), મહામંત્રી નરેશભાઈ કટારા (પોશિના), ઉપપ્રમુખ અશોકભાઈ ગરાસિયા (પોશિના), સહમંત્રી ધવલભાઈ પટેલ (ખેડબ્રહ્મા), સંગઠન મંત્રી અલ્પેશભાઈ પટેલ (હિંમતનગર), ખજાનચી નિલેશભાઈ ચૌહાણ (ખેડબ્રહ્મા) સહિત વિવિધ મુખ્ય હોદ્દેદારોની બિનહરીફ સર્વાનુમતે નિમણુંક કરાઈ હતી. કારોબારી સભ્યો, ઝાકીરભાઈ મનસુરી, છાયાબેન પટેલ, સંગીતાબેન પટેલ, વિકાસભાઈ પટેલ, દિનેશભાઈ બલાત, વિશ્રામભાઈ પાંડોર, વસંતભાઈ પ્રણામી, ભરતસિંહ પરમાર, દિપકભાઈ પરમાર, ધ્રૂવેશભાઈ ગરાસિયા, ચીમનભાઈ રાવલ સહિત ઉત્સાહિત કર્મચારીઓનું એક બિન હરીફ નવિન માળખુ તૈયાર કર્યું હતું. સાબરકાંઠા આશ્રમશાળા કર્મચારી સંઘના સંગઠનના હોદ્દેદારોએ દાયકાઓ જુના પડતર પ્રશ્નો હલ કરવા સંદર્ભે રાજ્ય સરકાર સામે બાંયો ચઢાવી આગામી સમયમાં રણનિતિ બનાવી યોજનાઓ તૈયાર કરી હતી.

આકરૂન્દ ગ્રામ પંચાયતમાં ડે.સરપંચ પદે દિવ્યાંગ કાર્યકર દિનેશ પટેલની બિન હરીફ વરણી

ધનસુરા, તા. ૨૧

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામે તાજેતરમાં યોજાયેલી સરપંચ અને સભ્ય પદ તાજેતરમાં યોજાઈ ગયેલી ચૂંટણીઓ બાદ આકરૂન્દ ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચ તરીકે ભાજપના પાયાના કાર્યકર અને દિવ્યાંગોના હક્ક માટે લડત ચલાવતા દિવ્યાંગ કાર્યકર દિનેશ હિમંતભાઈ પટેલની બિન હરીફ વરણી કરવામાં આવતા ગ્રામજનોએ અને જાગૃત નાગરિકોએ ઉષ્માભર્યું સ્વાગત કરી આ નિમણુકને આવકારી અભિનંદન શુભકામના પાઠવી હતી.

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા ગુરૂવંદન છાત્રાભિનંદન કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૦

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા ગુરૂવંદન છાત્રાભિનંદન કાર્યક્રમ શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદિર, ભિલોડામાં યોજાયો હતો. વિદ્યાર્થી બાળકોમાં સંસ્કાર લક્ષી પ્રકલ્પ પૈકી ગુરૂ વંદન કાર્યક્રમ દર વર્ષે ઠેર-ઠેર શાળામાં યોજાય છે. ભારત દેશની પ્રાચિન પરંપરા અનુસાર ગુરૂજીની પરંપરા વિસરાય ન જાય, બાળકોમાં ગુરૂ પરંપરા ઉજાગર કરવાના મુખ્ય હેતુસર શ્રી જ્ઞાન તપોવન વિદ્યા મંદિરના વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં ગુરૂવંદન છાત્રાભિનંદન કાર્યક્રમ યોજાયો હતો.

આચાર્ય, સ્ટાફગણએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખ, મંત્રી, ખજાનચી, સાબરકાંઠા-ગાંધીનગર વિભાગ સહમંત્રી, પ્રકલ્પના સંયોજક, સહસંયોજક, કારોબારી સભ્યો, હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

બામણા ગામમાં સ્વ.ઉમાશંકર જોષીની ૧૦૯મી જન્મજયંતી અને પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૨

શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત સ્વ.એસ.એચ.જોષી અને સ્વ.બી.કે.જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને શ્રી ડી.એમ.બી.પી. હાઈસ્કુલના પટ્ટાંગણમાં સંયુક્ત ઉપક્રમે તા.૨૧મી જુલાઈએ સ્વ.કવિ ઉમાશંકર જોષીની ૧૦૯મી જન્મ જયંતી અને પ્રવેશોત્સવ કાર્યક્રમ ઉજવાયો હતો.વિશ્વકવિ ઉમાશંકર જોષીના બામણા ગામમાં સંસ્કાર ભારતી પ્રાંત અધિકારી ડૉ.રાજુજી પરમાર, લોકસાહિત્યકાર મોતીભાઈ નાયક,પ્રમુખ ચીમનભાઈ પંડ્યા,સહમંત્રી દિનેશભાઈ ભટ્ટ,પુર્વ પ્રમુખ ભાનુભાઈ ભટ્ટ,કોલેજ પ્રિન્સિપાલ ડૉ.કલ્પનાબેન પટેલ,આચાર્ય આર.ડી.પટેલ,સ્ટાફ પરીવાર,વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં કવિનો પરીચય,સ્વચચીત રચનાઓનું ગાન,સાંસ્કૃતિક કાર્યક્રમો રસપ્રદ રીતે યોજાયા હતા.એન.એસ.એસ.અંતર્ગત પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો.પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને કુંમકુંક તિલક કરી મોં મીઠું કરી આવકાર્યા હતા.કાર્યક્રમનું સફળ આયોજન પ્રો.ભીખાભાઈ પટેલએ કર્યું હતું.આભાર વિધિ પ્રો.નિવૃત્તીનાથ જોષીએ કરી હતી.

રાજપુર અનુપમ પ્રા. શાળા નં.-૧માં તિથિભોજન અપાયું

આજરોજ રાજપુર અનુપમ પ્રા. શાળામાં સ્વ. બાબુભાઈ ઉમાભાઈ ધરમાણીની તિથિ નિમિત્તે તેમના સુપુત્ર શાંતિભાઈ તથા તેમના પરિવાર તરફથી રાજપુર શાળા નં.-૧, રાજપુર પ્રા. શાળા નં.-૨, તથા શેરગંજ પ્રા.શાળા ના કુલ-૯૦૦ બાળકીને મોહનથાળ, પુરી-શાક, દાળ-ભાત અને પાપડનું તિથિભોજન આપવામાં આવ્યું હતું.

રાજપુરના રોહિત સમાજ તરફથી સામાજિક સુધારણાની શરૂઆત કરવામાં આવેલ છે તે અનુસાર મૃત્યુ પાછળ ખોટા ખર્ચ ઘટાડીને ગામની શાળાઓના નાના બાળકોને જમાડવાની શરૂઆત કરવામાં આવી છે.

આ પ્રસંગે રાજપુરના કાંતિભાઈ પાનાભાઈ,નટવરભાઈ સોનાજી, ધનાભાઈ દાનાભાઈ, સેંધાભાઈ ભલાભાઈ, શંકરભાઈ ધરમાભાઈ, અશોકભાઈ જગમાલભાઈ, જગમાલભાઈ વિહાભાઈ,ગણાભાઈ દલાભાઈ તથા ગામના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય શ્રવણભાઈ અનાવાડિયાએ દાતા પરિવારનો આભાર માન્યો હતો.

વણકથી વાતો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બે કલાકમાં વધવા પામ્યુ છે જે પણ નોંધનીય છે.

રાજકીય વિશ્લેષકો કોણ વિજયી બનશે તે વાતની આગાહી કરવાથી અળગા રહ્યા છે. જો કે ભાજપ-કોંગ્રેસ વચ્ચે સ્પર્ધા તીવ્ર રહેશે તેવુ અનુમાન વ્યક્ત કરી રહ્યા છે. કયા સેક્ટરનું મતદાન પરિણામ નક્કી કરશે તેવા સંકેતો પણ આપવાનું તેઓ ટાળી રહ્યા છે.

નિરસ મતદાન હોવાથી વિજયનું અંતર ઓછુ હશે તેવા સંકેતો આપે છે. બીજી તરફ બન્ને પક્ષો દ્વારા વિજયના દાવા કરવામાં આવી રહ્યા છે. બન્ને પક્ષો દ્વારા એક જ વોર્ડમાં પેટા ચૂંટણી હોવાથી બુથ મેનેજમેન્ટ ગોઠવવામાં સફળ રહ્યા હતા.

વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રેશનકાર્ડ ધારકોને કેટલો કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો તેવા પ્રશ્ન સંદર્ભે રજુ કરાયેલા ઉત્તર મુજબ એ એપી એલ કેટેગરીના કાર્ડ ધારકોને કેરોસીનનુ વિતરણ બંધ કરવામાં આવ્યુ છે. જયારે બી પી એલ તેમજ અંત્યોદય કેરોસીન કાર્ડધારકોને વ્યકિતદિઠ ૨ લીટર તથા વધુમાં વધુ ૮ લીટર કેરોસીનનુ વિતરણ કરવામાં આવે છે. છેલ્લા બે વર્ષ દરમિયાન ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં ૨૪૧૧૩ રેશનકાર્ડ ધારકોને ૨૫૬૮ કીલી, શહેરમં ૩૫૧૧ ધારકોને ૩૩૧ કીલી, કલોલ તાલુકામાં ૨૪૩૫૪ કાર્ડ ધારકોને ૨૩૭૮ કીલી , માણસામાં ૧૬૧૭૪ ને ૧૫૦૬ કીલી તેમજ દહેગામ તાલુકામાં ૨૬૮૩૨ રેશકાર્ડ ધારકોને માસિક ૩૦૪૦ કી લી કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો છે.

પ્રવાહી કચરાના નિકાલ માટે લોદરામાં પ્રોજેક્ટનુ કામ હાથ ધરાશે

જિલ્લામાં પ્રવાહી કચરાના નિકાલ માટે કોઈ પ્રોજેકટ હાથ ધરાયો છે કે કેમ તે અંગેના પ્રશ્નનના જવાબમાં જણાવાયા મુજબ પ્રવાહી કચરાના નિકાલ માટે ગત તા ૮ ઓકટોબર વર્ષ ૨૦૧૮ થી પ્રોજેકટને મંજુરી આપવામાં આવી છે. જયારે આ પ્રોજેકટની કામગીરી જિલ્લાના લોદરા ગામમાં હાથ ધરાશે.

રકમ ચુકવાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થિતિ અને જે તે વિસ્તારના ખેડૂતોની રજૂઆતોને ધ્યાને લઇ તેને પણ અછતગ્રસ્ત જાહેર કરી રાજ્ય સરકારે ઈનપુટ સબસીડીના લાભ અછતગ્રસ્ત વિસ્તારના ખેડૂતોને આપ્યો છે. આવા ૧૫ થી ૧૭ લાખ ખેડૂતોને પાક વીમા સિવાય ઈનપુટ સબસીડી ચૂકવી લાભ આપવામાં આવ્યો છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, વિમાની રકમ નુકશાનીના આધારે ચૂકવવામાં આવે છે, પરંતુ ખેડૂતોના હિતમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પ્રીમિયમની રકમો શરતોને આધીન ચૂકવવામાં આવે છે અને ક્રોપ કટિંગની નિયત પદ્ધતિને આધારે જે-તે ખેડુતોના દાવાઓની રકમ ચૂકવવામાં આવે છે.

ઉકળાટથી તોબા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વરસાદી વાદળોના આવરા જાવરા વચ્ચે હળવા વાદળિયા વાતાવરણ સિવાય દિવસ કોરો રહ્યો હતો. બીજીતરફ આક્રમક બફારાથી નગરજનો તોબા પોકારી ગયા હતા. વરસાદની ગેરહાજરી વચ્ચે ઉકળાટનુ જોર એટલી હદે વધી ગયુ છે કે ઘરની બહાર નિકળતા જ ભઠ્ઠીમાં શેકાતા હોવાનો અહેસાસ નાગરિકોને બેબાકળા કરી દે છે. આકરા બફારાના લીધે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. જયારે સિનિયર સિટીઝન્સ , બાળકો અને મહીલાઓ વિશેષ રીતે ગભરામણ અને મુંઝવણ અનુભવી રહ્યા છે. બેચેની આપતા વાતાવરણના લીધે જનજીવન પ્રભાવિત છે. રીસાયેલા મેઘરાજાની અસરથી પરસેવે ભીંજાતા જનજીવનમાં સુસ્તીના લીધે અકળામણ જોવા મળી રહી છે. વગર વરસાદે શહેરીજનો ગરમીથી ત્રસ્ત છે. ઉનાળાની મધ્યે તપતા સુરજ કરતા પણ વિશેષ મુંઝવણનો અહેસાસ કરાવતા નગરજનોને હવે મેહુલિયો મહેર કરે તે સિવાય બીજુ કાંઈ ખપતુ નથી.

ઐતિહાસિક સિદ્ધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચંદ્ર માટે લાંબી યાત્રા શરૂ થઈ હતી. ચંદ્રયાન-૨માં રહેલા લેન્ડર-વિક્રમ અને રોવર-પ્રજ્ઞાન ચંદ્ર સુધી જશે. ચંદ્રની સપાટી ઉપર ઉતરી ગયાના ચાર દિવસ પહેલા વિક્રમ ઉતરનાર જગ્યા પર પહેલા ચકાસણી કરશે. લેન્ડર યાનથી ડીબુસ્ટ થશે. વિક્રમ સપાટીની નજીક પહોંચશે. ઉતરનારની જગ્યાને સ્કેન કરવાની શરૂઆત કરશે. આ પ્રક્રિયા સફળરીતે પૂર્ણ થયા બાદ લેન્ડિંગની પ્રક્રિયા શરૂ થશે. લેન્ડિંગ બાદ લેન્ડર વિક્રમના દરવાજા ખુલી જશે અને રોવર (પ્રજ્ઞાન)ને છોડી દેવામાં આવશે. રોવરને બહાર નિકળવામાં આશરે ચાર કલાકનો સમય લાગશે. ત્યારબાદ વૈજ્ઞાનિક પરીક્ષણ માટે ચંદ્રની સપાટી ઉપર નિકળી જશે. આના ૧૫ મિનિટની અંદરથી જ ઇસરો લેન્ડિંગના ફોટાઓ મળવાની શરૂઆત થશે. સ્વદેશી ટેકનિકથી નિર્મિત ચંદ્રયાન-૨માં કુલ ૧૩ પેલોડ છે.

વણઉકલ્યું

● અનુસંધાન પહેલાનું ચાલુ

મંગળવારના દિવસે સુનાવણી કરવામાં આવનાર છે. બંને ધારાસભ્યોએ એ વખતે અરજી દાખલ કરી હતી જ્યારે તેમની અરજીના એક દિવસ પહેલા જ કર્ણાટકના મુખ્યપ્રધાન કુમારસ્વામી દ્વારા પણ અરજી કરવામાં આવી હતી. કુમારસ્વામીએ આક્ષેપ કરતા કહ્યુ હતુ કે રાજ્યપાલ વજુભાઈ વાળા વિધાનસભામાં બહુમતિ પરીક્ષણ પર જારી ચર્ચા વચ્ચે દરમિયાનગીરી કરી રહ્યા છે. શુક્રવારના દિવસે વજુભાઈ વાળાએ બહુમતિ પરીક્ષણની પ્રક્રિયાને વહેલી તકે પૂર્ણ કરવા માટે કહ્યુ હતુ. તમામ લોકો સારી રીતે જાણે છે કે કોંગ્રેસ અને જેડીએસ ગઠબંધનના ૧૫ ધારાસભ્યોના બળવા બાદથી કર્ણાટકમાં જોરદાર કટોકટી ઉભી થઈ ગઈ છે. સુપ્રીમે તમામ ધારાસભ્યોને રાહત આપી છે અને કહ્યુ છે કે તેમને વિધાનસભાની કાર્યવાહીમાં ભાગ લેવાની ફરજ પાડી શકાય નહી.